## ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત

*** 15/3/361 :શ્રી સંજયસિંહ મહીડા** (મહુધા) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) | ૦૧ પ્રાણઘાતક અકસ્માતમાં ૦૧ શ્રમયોગીનું મૃત્યુ થયું. |
| (૨) | ઉકત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) | કારખાના અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ હેઠળ કુલ ૦૧ ઔદ્યોગિક એકમ સામે ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. |
| (૩) | ઉકત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે? | (૩) | (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ નિરિક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરિક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

--------------